દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

રવિવાર ૧૮ ઓક્ટોબર, ૨૦૨૬

માતાજીની પૂજા ના કરો ચાલશે, પરંતુ કમસે કમ અપમાન તો નહીં કરો

એક સમય હતો જ્યારે નવરાત્રિમાં શેરીઓ અને મહોલ્લાઓમાં માટીના ગરબાની સ્થાપના થતી હતી. દીવાની જ્યોતને શક્તિનું પ્રતીક માનીને તેની આસપાસ મહિલાઓ અને યુવતીઓ પરંપરાગત ગરબા ગાતી હતી. ગરબાનાં ગીતોમાં માતાજીની મહિમા, શક્તિની ઉપાસના અને ધાર્મિક ભાવનાઓ વ્યક્ત થતી હતી. ઢોલ, મંજીરા અને તાળીઓના તાલે થતો ગરબો સાદગી અને શ્રદ્ધાનું પ્રતીક હતો. આજે નવરાત્રિએ આધુનિકતાનો રંગ ધારણ કર્યો છે. વિશાળ પાર્ટી પ્લોટ, રંગબેરંગી લાઇટિંગ, મોંઘાં સાઉન્ડ સિસ્ટમ, જાણીતા ગાયકો, ડીજે અને આકર્ષક આયોજન ગરબાની ઓળખ બની રહ્યાં છે. આ પરિવર્તન પોતાનામાં ખોટું નથી. સમયની સાથે ઉત્સવોમાં પરિવર્તન આવવું સ્વાભાવિક છે. સમસ્યા ત્યારે ઊભી થાય છે, જ્યારે ભક્તિ પાછળ રહી જાય અને દેખાડો કેન્દ્રસ્થાને આવી જાય. માતાજીની આરાધનાના પવિત્ર પર્વ નવરાત્રિમાં હવે ભક્તિ કરતાં વેપારીકરણનો રંગ વધુ ઘેરો બનતો જાય છે. ગરબાના નામે મોંઘી એન્ટ્રી ફી, પાસના ઊંચા ભાવ, સ્પોન્સરશિપ, જાહેરાતો, મોંઘાં વસ્ત્રો અને દેખાડાની હરીફાઇએ ઉત્સવના મૂળ હેતુ સામે સવાલ ઊભા કર્યા છે. દોઢિયા અને ગરબાના તાલે માતાજીની ભક્તિ થવી જોઈએ, પરંતુ કેટલીક જગ્યાએ ભક્તિ કરતાં કમાણી અને પ્રસિદ્ધિનું મહત્ત્વ વધી રહ્યું હોવાની લાગણી ઊભી થઈ છે. નવરાત્રિનો અર્થ શક્તિની ઉપાસના, સંસ્કૃતિનું જતન અને સામૂહિક આનંદ છે. ઉત્સવના આયોજન પાછળ ખર્ચ થતો હોય અને આયોજકો આવક મેળવતા હોય તેમાં વાંધો નથી, પરંતુ જ્યારે માતાજીના નામનો ઉપયોગ માત્ર નફો રળવા માટે થવા લાગે, ત્યારે નવરાત્રિના મૂળ ભાવ પર વિચાર કરવો અનિવાર્ય બને છે. નવરાત્રિએ પર્વ નથી પરંતુ માતાજીની આરાધનાના નવ દિવસ છે. જો ખરેખર માતાજીની ભક્તિ જોવી હોય તો પશ્ચિમ બંગાળની દુર્ગાપૂજા જોવી જોઇએ. અહીં માતાજીના મંડપોમાં લાખો કરોડો ખર્ચીને ભવ્યતા બતાવવામાં આવે છે પરંતુ પૂજાથી લઇને પરંપરા અને પ્રસાદથી લઇને આસ્થા સુધી કોઇ બાંધછોડ કરવામાં આવતી નથી. જો દેશના ખેડૂતની વાત કરીએ તો સાચી વાત એ છે કે, ખેડૂતો તેમની જમીનને માતા સમજે છે અને તેને વેચવાનો વિચાર પણ કરતાં નથી. તો બીજી તરફ આ કોર્મશિયલ ગરબા આયોજકોએ માતાજીની અનુષ્ઠાન માટેના આ નવ દિવસોને આવકનું સાધન બનાવી દીધું છે. તેઓ આવું કરે ત્યાં સુધી તો કંઇ જ વાંધો નથી. પરંતુ ભક્તિનો સૌથી પહેલો નિયમ છે કે માતાજીના ગરબા પછી એ દાંડિયા હોય કે દોઢિયા કે તાળીવાળા ગરબા પગ ઉઘાડા હોવા જોઇએ. તેને બદલે હવે ખેલૈયાઓ ચંપલ, સેન્ડલ કે શુઝ પહેરીને ગરબા રમતા જોવા મળે છે. ગરબામાં માતાજીનો ફોટો હોય કે પ્રતિમા કે પછી મટકીમાં બનેલી ગરબી તેને કેન્દ્રમાં સ્થાન આપવામાં આવે છે અને મહિલા હોય કે પુરુષ તેની આસપાસ ફરીને ગરબા રમે છે અને શક્તિની આરાધના કરે છે તેને બદલે કોમર્શિય આયોજનમાં એક ખૂણામાં મૂકી દેવાઇ છે. જ્યારે આરતીનો સમય થાય ત્યારે જ માતાજીને યાદ કરવામાં આવે છે. સૌથી ગંભીર બાબત તો એ છે કે, કેટલીક જગ્યા ઉપર ' સમન્દરમેં નહાં કે ઔરભી નમકીન હો ગઇ હો'... અરે દિવાનો મુજે પહેચાનો કહાસે આયા મે હું કૌન' જેવા ગીતો લાઉડ સ્પીકર પર વાગે છે. આ માતાજીનું રીતસરનું અપમાન જ છે. કેટલીક જગ્યા પર તો માતાજીની આરાધના નહીં પરંતુ વેશભુષાની સ્પર્ધા હોય તે રીતે જુદા જુદા ફિલ્મ એક્ટર્સ કે વિલનના ચહેરા પહેરીને યુવાનો ગરબે ઘૂમતા જોવા મળે છે. એક વાત તો સત્ય છે કે માતાજીની પૂજા નહીં કરો તો વાંધો નહીં પણ અપમાન નહીં કરો.

ભૂલમાંથી શીખવું જરૂરી

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક યુવાન સરકારી નોકરી માટે તૈયારી કરતો હતો. તેનું નામ અર્જુન હતું. તે વારંવાર પરીક્ષામાં નિષ્ફળ જતો. દરેક નિષ્ફળતા પછી તે પોતાના રૂમમાં બેસીને બીજા સફળ લોકોની જીવનકથાઓ વાંચતો. ખાસ કરીને અબ્રાહમ લિંકનની આત્મકથા તેના ટેબલ પર જ રહેતી તે રોજ વાંચતો કારણ કે લિંકનને પણ જીવનમાં અનેક પરાજયો અને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો અને છતાં તેઓ આગળ વધ્યા હતા આ હકીકત તેને પ્રેરણા આપતી.

અર્જુન તે લિંકનની નિષ્ફળતાઓ વાંચતો, પરંતુ પોતાની નિષ્ફળતાઓનું વિશ્લેષણ કરતો નહોતો. તેણે એડીસનની આત્મકથા વાંચી હતી અને માનવા લાગ્યો હતો કે સતત વારંવાર પ્રયત્ન કરવો એટલે સફળતા તરફ આગળ વધવું.

એક દિવસ તેના શિક્ષકે તેની ઉત્તરવહી જોઈ. શિક્ષકે કહ્યું, ‘તારી મહેનત દેખાય છે, પરંતુ તારી ભૂલો પણ દર વખતે એ જ છે. તું સતત પ્રયત્નની કરે છે, પણ થયેલી ભૂલો સુધરતો નથી.’

અર્જુને કહ્યું, ‘સર, પણ મને લાગે છે કે હું સતત પ્રયત્ન કરતો રહીશ તો એક દિવસ ચોક્કસ પાસ થઈને સફળ થઈશ.’શિક્ષક બોલ્યા, ‘તું દરેક વખતે એકની એક ભૂલો કરે છે અને પોતાની ભૂલોમાંથી કઈ શીખતો નથી આમ સતત એકની એક ભૂલો ફરી ફરી કરતો રહીશ તો મને નથી લાગતું તું પાસ થઈ શકે તું મહેનત કરે છે એટલે કહું છું તારી દરેક ભૂલને શોધ અને તેમાંથી શીખ.’ આ વાક્ય અર્જુનને બરાબર તીરની જેમ વાગ્યું. હવે પરીક્ષા માટે તેણે જુદી રીત અપનાવી. દરેક ખોટા જવાબની પાછળનું કારણ લખ્યું. કયા વિષયમાં સમજ ઓછી હતી, કયા પ્રશ્નમાં ઉતાવળ થઈ અને કયા જવાબમાં પૂરતી માહિતી નહોતી-તેનો હિસાબ રાખ્યો.પોતાની દરેક ભૂલો પર તેને ધ્યાન આપ્યું.તેની ભૂલોની સંખ્યા ઘટવા લાગી. તે પહેલાં કરતાં વધુ આત્મવિશ્વાસથી પરીક્ષા આપવા લાગ્યો. થોડા સમય પછી તે પરીક્ષામાં પાસ થયો અને પસંદગી પામ્યો. તેણે શિક્ષકને મળીને કહ્યું, ‘મને લાગતું હતું કે મારી જીત ત્યારે થશે જ્યારે હું નિષ્ફળ નહિ થાવ પણ હવે સમજાયું છે કે મારી જીત તો એ દિવસે શરૂ થઈ હતી જ્યારે મેં નિષ્ફળતામાંથી શીખવાનું શરૂ કર્યું.’ પ્રેરણાદાયક જીવનકથાઓ આપણને આશા આપે છે, પરંતુ પરિવર્તન ત્યારે આવે છે જ્યારે આપણે એ આશાને પોતાની કાર્યપદ્ધતિમાં ઉતારીએ. નિષ્ફળતા ફરી ફરી આવે તો માત્ર હિંમત હાર્યા વિના ફરી ફરી પ્રયત્ન કરવા પૂરતા નથી દરેક પ્રયત્ન પહેલા થયેલી ભૂલો અને નિષ્ફળતાના કારણનિ સમજી લઈને નવા પ્રયત્નની તૈયારી અને પદ્ધતિમાં સુધારો પણ જરૂરી છે.

ભારત-ચીન વેપારમાં ઉછાળો: આર્થિક જરૂરિયાત કે વ્યૂહાત્મક જોખમ?

વર્લ્ડ વૉચ

ડૉ. જયનારાયણ વ્યાસ

વેપારની વૃદ્ધિ બંને દેશો માટે લાભદાયી ત્યારે જ બને, જ્યારે બજારમાં પ્રવેશની શરતો વાજબી હોય અને ભારતીય કંપનીઓને પણ સ્પર્ધાની સમાન તક મળે

ભારત અને ચીન વચ્ચે હિમાલયની સરહદે વ્યૂહાત્મક અવિશ્વાસ હજી યથાવત્ છે. બીજી તરફ, બંને દેશો વચ્ચેનો વેપાર ઝડપથી વધી રહ્યો છે. આ વિરોધાભાસ આજની ભારતીય વિદેશનીતિ અને આર્થિક નીતિ સામે એક પાયાનો પ્રશ્ન ઊભો કરે છેઃ જે દેશ સાથે સરહદે સુરક્ષાની ચિંતા છે, તેના પર ઔદ્યોગિક જરૂરિયાતો માટેની નિર્ભરતા શા માટે વધી રહી છે?

વાણિજ્ય મંત્રાલયના તાજેતરના આંકડા આ પ્રશ્નને વધુ મહત્ત્વપૂર્ણ બનાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ છ મહિનામાં, એટલે કે એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન, ભારત અને ચીન વચ્ચેનો દ્વિપક્ષીય માલવેપાર આશરે ૨૯ ટકા વધીને ૯૧.૭૬ અબજ ડૉલર થયો. આ ગાળા દરમિયાન ચીન ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર બન્યો અને તેણે અમેરિકાને પાછળ છોડ્યું. પરંતુ આ આંકડાની પાછળ બીજી એક હકીકત છે, જે વધુ ગંભીર ચર્ચા માગે છેઃ ભારતનો ચીન સાથેનો વેપાર વધી રહ્યો છે,

પરંતુ આયાત અને નિકાસ વચ્ચેનું અંતર પણ વધી રહ્યું છે. ભારતે ચીનમાં આશરે ૧૧.૪૧ અબજ ડૉલરની નિકાસ કરી, જ્યારે ત્યાંથી ૮૦.૩૪ અબજ ડૉલરની આયાત કરી. પરિણામે, ભારતની વેપાર ખાધ આશરે ૬૮.૯૩ અબજ ડૉલર રહી. આ આંકડા દર્શાવે છે કે વેપાર વધવો અને વેપારનું સંતુલન સુધરવું એ બે અલગ બાબતો છે.

પ્રશ્ન એ છે કે ચીન પરની નિર્ભરતા કેમ વધી રહી છે? ભારત મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક્સ, સૌર ઊર્જા, ઈલેક્ટ્રિક વાહનો અને દવા ઉદ્યોગમાં ઉત્પાદન વધારવા માગે છે. પરંતુ આ ક્ષેત્રોમાં વપરાતા અનેક ઘટકો, રસાયણો અને મશીનરી માટે ભારત ચીન પર નિર્ભર છે. ચીન પાસે વિશાળ ઔદ્યોગિક ઉત્પાદન ક્ષમતા, વિકસિત પુરવઠા-સાંકળ અને મોટા પાયે ઉત્પાદન કરવાની સગવડ છે. તેથી ભારતીય કંપનીઓને ઘણી વસ્તુઓ ત્યાંથી સસ્તા ભાવે અને ઝડપથી મળે છે. જોકે, આ નિર્ભરતા પુરવઠો ખોરવાય અથવા રાજકીય તણાવ વધે ત્યારે ભારતીય ઉદ્યોગો માટે જોખમ ઊભું કરી શકે છે.

વેપારનો બીજો મહત્ત્વનો પ્રશ્ન એ છે કે ભારતીય ઉત્પાદનોને ચીનના બજારમાં પૂરતી તક મળે છે કે નહીં.

ભારતની દવાઓ, કૃષિપેદાશો, રસાયણો અને ઔદ્યોગિક ઉત્પાદનોને ચીનમાં બજારમાં પ્રવેશ મેળવવામાં વિવિધ અવરોધોનો સામનો કરવો પડે છે. બીજી તરફ, ચીનનાં ઉત્પાદનો ભારતીય બજારમાં મોટા પ્રમાણમાં પ્રવેશે છે. વેપારની વૃદ્ધિ બંને દેશો માટે લાભદાયી ત્યારે જ બને, જ્યારે બજારમાં પ્રવેશની શરતો વાજબી હોય અને ભારતીય કંપનીઓને પણ સ્પર્ધાની સમાન તક મળે.

૨૦૨૦ના ગલવાન સંઘર્ષ પછી ભારત-ચીન સંબંધોમાં અવિશ્વાસ વધ્યો હતો. ત્યારબાદ બંને દેશોએ સરહદી તણાવ ઘટાડવા અને રાજદ્વારી સંવાદ ફરી શરૂ કરવાના પ્રયાસો કર્યા છે. પરંતુ વેપાર વધે એટલે સરહદી પ્રશ્નો ઉકેલાઈ ગયા એવું માનવું યોગ્ય નથી. ભારતે ચીન સાથેનો દરેક વેપાર બંધ કરવાની જરૂર નથી, કારણ કે તેનાથી ભારતીય ઉદ્યોગો અને ગ્રાહકોને પણ નુકસાન થઈ શકે છે. પરંતુ સસ્તી આયાતના ટૂંકા ગાળાના લાભ માટે લાંબા ગાળાની વ્યૂહાત્મક નિર્ભરતા વધવા દેવી પણ જોખમી છે.તો ભારતે શું કરવું જોઈએ? ભારતે ઈલેક્ટ્રોનિક ઘટકો, બૅટરી, સેમિકન્ડક્ટર, વિશિષ્ટ રસાયણો અને ઔદ્યોગિક મશીનરીનું સ્થાનિક ઉત્પાદન વધારવું જોઈએ. જાપાન, દક્ષિણ કોરિયા, યુરોપ અને દક્ષિણપૂર્વ એશિયાના દેશો સાથે વૈકલ્પિક પુરવઠા-સાંકળો વિકસાવવી જોઈએ. સાથે જ, ચીનના બજારમાં ભારતીય ઉત્પાદનોને ન્યાયસંગત પ્રવેશ મળે તે માટે વાટાઘાટો કરવી જોઈએ. ભારત-ચીન વેપારમાં વધારો આર્થિક જરૂરિયાતો અને પરસ્પર નિર્ભરતા દર્શાવે છે, પરંતુ વધતી વેપાર ખાધ ચિંતાનો વિષય છે. ભારતે વેપારના લાભો જાળવી રાખતાં વ્યૂહાત્મક જોખમો ઘટાડવાં પડશે. ભારતની સફળતાનો માપદંડ ચીન સાથેનો વેપાર કેટલો વધ્યો એ નહીં, પરંતુ તેનાથી સ્થાનિક ઉત્પાદન, રોજગાર અને નિકાસ કેટલી વધી તથા વેપાર ખાધ અને વ્યૂહાત્મક નિર્ભરતા કેટલી ઘટી એ હોવો જોઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

એકતાના સૂર: ભારતીય શાસ્ત્રીય સંગીતની કોમી સદભાવના

સમયાંતર

રામચંદ્ર ગુહા

આપણું શાસ્ત્રીય સંગીત એ ભારતીય સભ્યતાની સૌથી મોટી ઉપલબ્ધિ છે. જો તેનું મૂળભૂત બહુલવાદી અને સમન્વયકારી સ્વરૂપ ધ્રુવીકરણનો ભોગ બનશે, તો તે અત્યંત દુ:ખદ બાબત હશે

લગભગ વીસ વર્ષ પહેલાં હું એક એકેડેમિક પરિષદ માટે લાહોરમાં હતો. ત્યાં હું એક ઉભરતા શાસ્ત્રીય ગાયકને મળ્યો, જે કરાચીના એક શિક્ષક પાસે સંગીત શીખવા માટે દર અઠવાડિયે મુસાફરી કરતો હતો. જોકે, હું પોતે સંગીતનો એક સૂર પણ સાધી શકતો નથી, પણ મને હિન્દુસ્તાની સંગીત પ્રત્યે આજીવન પ્રેમ રહ્યો છે. તેથી આ પ્રતિભાશાળી પાકિસ્તાની ગાયકના મોઢેથી એ જાણીને મને આશ્ચર્ય થયું કે તેના શિક્ષક એક ચોક્કસ રાગ માટે તિરસ્કારપૂર્વક એવું કહેતા કે, ‘તે તો હિન્દુઓનો રાગ છે’ (વો તો હિન્દુઓં કા રાગ હૈ).

તે યુવાનનું દિલ દુભાવવાની મારી હિંમત ન થઈ, નહીંતર હું તેને કહેત કે ભારતના શાસ્ત્રીય સંગીતકારો વચ્ચે આવા ભેદભાવ અસ્તિત્વ ધરાવતા નહોતા; અથવા તો એ પણ કહી શક્યો હોત કે તે જે ગાયિકા રોશનઆરા બેગમનાં વખાણ કરતો હતો, તેમણે પાકિસ્તાન ગયા પછી પણ ‘શંકરા’ અને ‘દુર્ગા’ રાગ ગાવાનું ચાલુ રાખ્યું હતું, ભલે તે રાગોનાં નામ હિન્દુ દેવી-દેવતાઓ પરથી રાખવામાં આવ્યાં હતાં. હું સલામત અલી ખાનના ‘નદિયા કિનારે મોરા ગાંવ’ ગાયનનો પણ ઉલ્લેખ કરી શક્યો હોત, જેમાં આ ગાયકે (જેઓ પણ પાકિસ્તાનમાં રહેતા હતા) સ્પષ્ટ કર્યું હતું કે આ ઠુમરી રાધાના કૃષ્ણ પ્રત્યેના પ્રેમ પર આધારિત છે. લાહોરની તે વાતચીત મને ત્યારે ફરી યાદ આવી, જ્યારે હું ગાંધી પેપર્સના વિશાળ સંગ્રહનો અભ્યાસ કરી રહ્યો હતો, જે હવે ‘પ્રાઇમ મિનિસ્ટર્સ મેમોરિયલ લાઇબ્રેરી’ તરીકે ઓળખાય છે. ગાંધી પેપર્સ મુખ્યત્વે મહાત્મા ગાંધીના સ્વતંત્રતા સેનાની અને સામાજિક સુધારક તરીકેના કાર્યો સાથે સંબંધિત છે. પરંતુ મને ત્યાં એક એવી ફાઇલ પણ મળી, જે શાસ્ત્રીય સંગીત વિશે હતી.

નવેમ્બર ૧૯૪૪માં પ્રખ્યાત હિન્દુસ્તાની ગાયક ઓમકારનાથ ઠાકુરે ગાંધીજીને પત્ર લખીને બનારસ હિન્દુ યુનિવર્સિટી (બીએચયુ) ખાતે ‘ફેકલ્ટી ઑફ મ્યુઝિક’ શરૂ કરવા માટે તેમની મદદ માગી હતી.

બીએચયુના આ પ્રસ્તાવિત નવા વિભાગમાં ઠાકુરે ગાંધીજીને કહ્યું હતું કે, ‘ભારતીય શાસ્ત્રીય સંગીતની વિવિધ શૈલીઓનો વ્યવસ્થિત અભ્યાસ કરી શકાશે. શૈલીઓની પસંદગીમાં કોઈ જાતીય કે સાંપ્રદાયિક ભેદભાવ રહેશે નહીં. ભારતીય સંસ્કૃતિમાં સંગીત મહત્ત્વનું સ્થાન ધરાવે છે અને ભારતીય સભ્યતામાં ભળી ગયેલી વિવિધ પ્રવૃત્તિઓને એકસૂત્રે બાંધનાર તરીકે તેનું જે મોટું મૂલ્ય છે, તે સર્વવિદિત છે.’ ઠાકુર ઈચ્છતા હતા કે ગાંધીજી આ નવા સાહસ માટે પોતાના આશીર્વાદ આપે અને તેના માટે ભંડોળ એકત્ર કરવામાં પણ મદદ કરે. આ ફાઇલમાં દક્ષિણ ભારતના એક સંગીતકારનો પત્ર પણ હતો, જેણે ઠાકુરના પ્રસ્તાવને વધુ વિસ્તૃત કર્યો હતો. તેઓ વાયોલિનવાદક પારુર સુંદરમ અય્યર હતા. મૂળ કેરળના અને કર્ણાટક શૈલીમાં તાલીમ પામેલા સુંદરમ અય્યર, વિષ્ણુ દિગંબર પલુસ્કર દ્વારા સ્થાપિત પ્રખ્યાત સંગીતશાળામાં ભણાવવા માટે મુંબઈ આવ્યા હતા. અય્યરના સાથીદારોમાં ઓમકારનાથ ઠાકુર અને નારાયણરાવ ખરે સામેલ હતા. ખરે પાછળથી ગાંધીજીના સાબરમતી આશ્રમમાં જોડાયા, જ્યાં તેમણે અનૌપચારિક ‘સંગીત નિયામક’ તરીકે કાર્ય કર્યું.

મુંબઈ આવ્યા પછી સુંદરમ અય્યરે હિન્દુસ્તાની શૈલીમાં પણ વાયોલિન વગાડવાનું શરૂ કર્યું, જેનો આ પહેલાં ક્યારેય પ્રયાસ કરવામાં આવ્યો નહોતો. ગાંધીજીને લખેલા તેમના પત્રમાં (તારીખ ૭ નવેમ્બર, ૧૯૪૪) તેમણે પોતાના વિવિધ હિતો અને પૃષ્ઠભૂમિનો પરિચય આપ્યો હતો અને મહાત્માજીને એ પણ યાદ અપાવ્યું હતું કે, ‘જ્યારે આપ ૧૯૨૭માં કોંગ્રેસના અધિવેશન માટે મદ્રાસમાં હતા, ત્યારે મને મારા વાયોલિનથી આપનું મનોરંજન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.’

સુંદરમ અય્યરના પત્રનો અંત આ વિનંતી સાથે થયોઃ ‘મને આશા છે કે મહાત્માજી ટૂંક સમયમાં સંગીત યુનિવર્સિટી શરૂ કરવાની કૃપા કરશે અને આ રીતે આપણા અમર અને અમૂલ્ય સંગીતના ખજાનાની ગરિમા જાળવી રાખશે. જેવી યુનિવર્સિટી શરૂ થશે કે તરત જ હિન્દુ-મુસ્લિમ એકતા ઝડપથી ફેલાશે અને આપણું બહુપ્રતીક્ષિત સ્વરાજ પ્રાપ્ત થશે.’

જ્યાં ઠાકુરે ભારતીય શાસ્ત્રીય સંગીતને એક ‘સંશ્લેષક’ (એકસૂત્રતા લાવનાર) તરીકે સામાન્ય શબ્દોમાં લખ્યું હતું, ત્યાં સુંદરમ અય્યરે સ્પષ્ટપણે તેને હિન્દુ-મુસ્લિમ એકતાનું મુખ્ય માધ્યમ ગણાવ્યું હતું. તેઓ અહીં પોતાના અનુભવના આધારે વાત કરી રહ્યા હતા. તેઓ યોગાનુયોગ કિરાણા ઘરાનાના ઉસ્તાદ અબ્દુલ કરીમ ખાનના નજીકના મિત્ર અને મોટા પ્રશંસક હતા. પરંતુ અલબત્ત, તેઓ એ પણ જાણતા હતા કે ભારતના સમુદાયો વચ્ચેના સૌહાર્દપૂર્ણ સંબંધો ગાંધીજીના હૃદયની ખૂબ નજીકનો વિષય હતો. દુર્ભાગ્યે, રેકોર્ડ પર અય્યરને ગાંધીજી તરફથી કોઈ જવાબ મળ્યો નથી. ગાંધીજીએ ઠાકુરને ટૂંકમાં જવાબ આપ્યો હતો, જેમાં તેમણે કહ્યું હતું કે તેમણે શાંતિનિકેતનના મૉડેલને અનુસરવું જોઈએ અને રાજકીય સંરક્ષણ અથવા કોર્પોરેટ ભંડોળનો ઉપયોગ કરવાને બદલે સંસ્થાની અંદર સંગીતને કુદરતી રીતે ખીલવા દેવું જોઈએ. ગાંધીજીનું ૧૯૪૮માં અવસાન થયું. બે વર્ષ પછી બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં ફેકલ્ટી ઑફ મ્યુઝિકની સ્થાપના કરવામાં આવી. તેના વડા ઓમકારનાથ ઠાકુર હતા. સુંદરમ અય્યર ખુદ પણ હવે મદ્રાસ યુનિવર્સિટીમાં સંગીતના પ્રોફેસર તરીકે સેવા આપી રહ્યા હતા. તેમના પુત્ર અને શિષ્ય એમ. એસ. ગોપાલકૃષ્ણને કર્ણાટક અને હિન્દુસ્તાની, બંને શૈલીમાં વગાડવાનું શરૂ કર્યું હતું. તેઓ ક્યારેક તેમના પિતાના મિત્ર ઓમકારનાથ ઠાકુર સાથે પણ સંગત કરતા હતા.

દરમિયાન, મૂળ કર્ણાટક પરંપરામાં તાલીમ પામેલી અન્ય એક મનસ્વી અને પ્રતિભાશાળી યુવાન વાયોલિનવાદક ઠાકુરની શિષ્યા બનવા બનારસ આવી પહોંચી. આ એન. રાજમ હતાં, જેઓ તેમના એંસીના દાયકામાં પણ પ્રદર્શન કરી રહ્યાં છે અને આજે જીવંત હોય તેવા સૌથી મહાન શાસ્ત્રીય વાદકોમાંના એક હોવાનો મજબૂત દાવો ધરાવે છે.

બનારસમાં રહેતાં તમિલ મહિલા રાજમે, બનારસના વતની બિસ્મિલ્લા ખાન સાથે કેટલાક યાદગાર જુગલબંધીના કાર્યક્રમો આપ્યા હતા. તેમની જુગલબંધી સંગીત કેવી રીતે હિન્દુ-મુસ્લિમ એકતા તરફ દોરી જતું એક શક્તિશાળી પરિબળ બની રહે છે તેનું શાનદાર ઉદાહરણ પૂરું પાડે છે. જો નાદસ્વરમ એ શરણાઈનું કર્ણાટક સમકક્ષ વાદ્ય છે, તો બિસ્મિલ્લાહના દક્ષિણી સમકક્ષ શેખ ચિન્ના મૌલાના હતા, જેઓ શ્રીરંગમના મંદિર નગરમાં રહેતા અને વગાડતા હતા. આ પણ તે સમન્વયવાદનું વધુ એક ઉદાહરણ છે, જેની પ્રશંસા પારુર સુંદરમ અય્યરે ગાંધીજીને લખેલા પત્રમાં વ્યક્ત કરી હતી.

બીજા કોઈ પણ ક્ષેત્ર કરતાં શાસ્ત્રીય સંગીત એવું ક્ષેત્ર છે, જ્યાં હિન્દુઓ અને મુસ્લિમો સાથે રહ્યા છે, કામ કર્યું છે, મહેનત કરી છે અને સાથે મળીને સર્જન કર્યું છે. કેટલાક મહાન હિન્દુ સંગીતકારો મુસ્લિમ ઉસ્તાદોના હાથે મળેલી તાલીમના ભારે ઋણી છે. અલ્લાદિયા ખાને કેસરબાઈ કેરકર માટે શું યોગદાન આપ્યું હતું અથવા અલ્લાઉદ્દીન ખાને રવિશંકર માટે શું યોગદાન આપ્યું હતું તે વિચારો.

બીજી તરફ, ટેક્નિકલ રીતે ‘મુસ્લિમ’ સંગીત પર ટેક્નિકલ રીતે ‘હિન્દુ’ પ્રભાવ સ્પષ્ટ દેખાય છે. ઉદાહરણ તરીકે, આગ્રા ઘરાનાના ઉસ્તાદો શરાફત અને લતાફત હુસૈન ખાન દ્વારા યમન રાગમાં ‘દર્શન દેવો શંકર મહાદેવ’ની સુંદર રજૂઆત, જેમાં મુસ્લિમ ગાયક/ભક્ત હિન્દુ ભગવાન શિવને તેમના દિવ્ય તેજનાં દર્શન આપવા વિનંતી કરે છે.

આમ છતાં, ભારતના વિભાજને આપણી સંગીત વિરાસતના સમૃદ્ધ અને સર્વસમાવેશી સમન્વયવાદને નુકસાન પહોંચાડ્યું. આ નુકસાન સૌપ્રથમ પાકિસ્તાનમાં સ્પષ્ટ દેખાયું અને ત્યાં સૌથી વધુ સ્થાયી રહ્યું છે. આ જ કારણ છે કે ત્યાંના યુવા ગાયકો રોશનઆરા બેગમ અને સલામત અલી ખાનના સંગીતમાં રહેલી કથિત ‘હિન્દુ’ થીમ્સ વિશે જાણતા નથી. આ જ કારણે બડે ગુલામ અલી ખાને મુસ્લિમ રાષ્ટ્ર છોડીને ૧૯૫૦ના દાયકામાં ભારતમાં પાછા ફરવાનું પસંદ કર્યું હતું. ૧૯૪૭ પછી પાકિસ્તાનમાં જાહેર ક્ષેત્રે સક્રિય હોય તેવા સરેરાશ કોઈ હિન્દુ કે શીખ સંગીતકારો નહોતા, જ્યારે હિન્દુ બહુમતી ધરાવતા ભારતમાં ડઝનબંધ, જો સેંકડો નહીં તો, ઉત્કૃષ્ટ મુસ્લિમ અને શીખ સંગીતકારો ભારે પ્રશંસા સાથે પ્રદર્શન કરી રહ્યા હતા અને ઘણી વાર તેમના હિન્દુ શિષ્યો પણ હતા.

છતાં અહીં સંતોષ માનીને બેસી રહેવા જેવું નથી. બોલિવૂડ હવે મોટે ભાગે મોદી શાસનની બહુમતીવાદી વિચારધારા સામે શરણે થઈ ગયું છે. શું કોઈ આજે લતા મંગેશકરના ‘અલ્લાહ તેરો નામ, ઈશ્વર તેરો નામ’ (૧૯૬૧; ગીતકારઃ સાહિર લુધિયાનવી, સંગીતઃ જયદેવ) જેવા જાદુઈ સ્પંદન ધરાવતા ગીતની રચના કે ગાયનની કલ્પના કરી શકે છે? શાસ્ત્રીય સંગીતને પણ કથિત રીતે ‘હિન્દુ’ શૈલીમાં ઢાળવાના કેટલાક અપ્રત્યક્ષ પ્રયાસો થઈ રહ્યા છે. બનારસના એક હોંશિયાર ઠુમરી ગાયકની મહેફિલ સાંભળતી વખતે તેને વિવિધ ‘ખાન સાહેબો’ વિશે તિરસ્કારપૂર્ણ ટિપ્પણીઓ કરતા સાંભળીને મને આઘાત લાગ્યો હતો, જે કદાચ તેની પોતાની ઉચ્ચ જાતિની હિન્દુ પૃષ્ઠભૂમિ સાથે સંબંધિત હોઈ શકે છે. કેટલાક કર્ણાટક સંગીતકારોએ ખુલ્લેઆમ વડાપ્રધાન અને તેમની ‘હિન્દુ-પ્રથમ’ પાર્ટી સાથે પોતાની ઓળખ જોડી છે. સંગીતના એક વિદ્વાન મિત્ર મને કહે છે કે ભારતમાં શાસ્ત્રીય ગાયકોને સરકાર તરફથી મળતું પ્રોત્સાહન/આશ્રય હવે કલાકારની ધાર્મિક ઓળખ અને શાસક પક્ષની વિચારધારા સાથે જોડાવાની તેમની ઈચ્છા સાથે ગાઢ રીતે જોડાયેલું છે.

કોઈ પણ આશા રાખે કે આ માત્ર પવનની દિશા દર્શાવતા નાના સંકેતો જ છે અને રાજકારણ તથા સત્તાના ક્ષેત્રથી પર જઈને હિન્દુસ્તાની અને કર્ણાટક સંગીતકારો આ પ્રવૃત્તિઓ અને પ્રલોભનોનો પ્રતિકાર કરશે. આપણું શાસ્ત્રીય સંગીત એ ભારતીય સભ્યતાની સૌથી મોટી ઉપલબ્ધિ છે અને જો તેનું મૂળભૂત બહુલવાદી અને સમન્વયકારી સ્વરૂપ હિન્દુત્વના ઝેરી ધ્રુવીકરણનો ભોગ બનશે, તો તે અત્યંત દુ:ખદ બાબત હશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

કળયુગમાં મેનકાનું નૃત્ય: બ્રહ્મચારી ઋષિનું તપોભંગ કે, ભ્રમ!?

પહેલા યુગમાં મેનકા સામે આવીને વિશ્વામિત્રનું તપ ભંગ કરતી. કળયુગમાં મેનકા સામે આવતી નથી, મોબાઈલના પડદા પર નૃત્ય કરે છે. બ્રહ્મચર્ય એટલે શરીર નહીં, મનનો સંયમ. આજના બ્રહ્મચારીને ભ્રમ હોય છે કે હું પાક્કો છું, મને કંઈ ન થાય. આ જ ભ્રમ તોડે છે. કળયુગની મેનકા ચાર રૂપે આવે છે નેત્ર, મન, સંગ અને એકાંત. આ ચાર ભેગા થાય ત્યારે સંયમ તૂટે છે. ઋષિઓએ વીર્યને તપ કહ્યું છે. તે શક્તિ છે, તેજ છે. તેના સ્ખલનથી શરીર નહીં, મન નબળું પડે છે. એકાગ્રતા અને આત્મવિશ્વાસ ઘટે છે. ઉપાય શું? મેનકાથી ભાગવાનું નથી, દૃષ્ટિ બદલવાની છે. તેને માતા-બહેન તરીકે જોવી. એકલા ન રહેવું, સત્સંગ, શ્રમ, સેવા અને કસરતમાં રહેવું. વિશ્વામિત્ર એક વાર પડ્યા, ફરી ઊભા થયા અને બ્રહ્મર્ષિ બન્યા. કળયુગમાં પણ પડીને ઊભો થાય તે જ સાચો અને ખરો બ્રહ્મચારી છે!

સુરત -સુનીલ બર્મન

આનંદ લૂંટવા માટે આદમ્ય ઈચ્છા જોઈએ

આખો દિવસ સખત મજૂરી કરતા ઈંટ,સિમેન્ટ,રેતી કપચીના તગારાં ઉપાડતા શ્રમજીવીઓનાં ચહેરા પરનુ સ્મિત,આનંદ સાબિત કરે છે કે ભૌતિક સગવડો પર સુખ આધારિત નથી.નવરાત્રીનો ઉત્સવ ઉમંગ અને થનગનાટ સાથે ઉજવાઈ રહ્યો છે,ત્યારે એક વીડિયો જોવા મળ્યો.જેમાં એક બહુમાળી ઈમારત બની રહી છે,જ્યાં શ્રમજીવીઓ મસ્તીથી આખો દિવસ કામ કરે છે.રાત્રે માત્ર બે કપલ (શ્રમજીવીના) નાનકડા સ્પીકર પર પોતાની મસ્તીમાં ગરબે ઘૂમી રહ્યા છે. રંગબેરંગી રોશની,માનવ મહેરામણ,હજારો ના ડ્રેસ કે ગ્લેમરની દુનિયાથી દૂર,નિજ આનંદ માટે પરંપરાગત ગરબાનો લહાવો લઈ રહ્યા છે.દ્રશ્ય એ વાતની છડી પોકારે છે કે ભૌતિક સગવડો પર ખુશી આધારિત નથી.તડકામાં સખત પરિશ્રમ પછી પરિસ્થિતિ ગમે એટલી વિપરિત હોય,પણ મનની મક્કમતા થાકને હરાવી દે છે.’જે છે તેમાં ખુશ રહેવાની’શીખ આપી જાય છે.ફરિયાદ કરવાના બદલે પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતા ભાવ વ્યક્ત કરીએ.

સુરત - અરુણ પંડ્યા

બુદ્ધિ કા બાલ

બુધ્ધિ કા બાલ એટલે એક ખાંડ માંથી બનેલી એક પ્રકાર ની મીઠાઈ. જે સુરતની શેરી મોહલ્લામાં ફેરિયાઓ દ્વારા વેચવામાં આવતી હતી. બુધ્ધિ કા બાલ બાળકોને પ્રિય મીઠાઈ હતી. આમ તો બુધ્ધિ કા બાલની શોધ અમેરિકામાં થઈ હતી. ત્યાં કોટન કેન્ડીથી ઓળખાતી મીઠાઈ હતી. શેરી મોહલ્લામાં બુધ્ધિ કા બાલ વેચવા આવતા ફેરીયાઓ પાસે એક નાનું મશીન હોય જે ગોળ ફરે જેમાં ખાંડ અને લાલ કલર નાંખી તે બનાવવામાં આવે છે, બારીક રેસા બનતા તે બુધ્ધિ કા બાલ કહેવાય. પહેલાના સમયમાં બહુ ઓછા રૂપિયામાં બુધ્ધિ કા બાલ વેચવામાં આવતા હતા. બુધ્ધિ કા બાલ બાળકોની એક સસ્તી સ્વીટ કહેવાતી. તે ખાઈ બાળકો આનંદિત થતા. આજે એક બુધ્ધિ કા બાલની કિંમત આશરે 30થી 40 રૂપિયા છે. બુધ્ધિ કા બાલ ખાવાથી બુધ્ધિ વધતી નથી પણ બાળકો આ ખાઈને આનંદિત જરૂર થાય છે.

સુરત -કિરીટ મેઘાવાલા

જનતાના હિતોની ખાતરી કોણ આપશે?

IDBI બેંકના 60.72 ટકા હિસ્સાના 52,878 કરોડના પ્રસ્તાવિત વેચાણને મંજૂરી મળવાના અહેવાલો વચ્ચે જાહેર સંપત્તિના મૂલ્યાંકન, પારદર્શિતા અને ખાતેદારોના હિતો અંગે ચર્ચા જરૂરી બની છે. એક જવાબદાર ભારતીય નાગરિક તરીકે સવાલ છે કે આર્થિક સુધારાઓથી સરકાર અને બેંકને લાભ થાય તો તેનો ફાયદો સામાન્ય ગ્રાહકો, નાના વેપારીઓ અને કર્મચારીઓને કેટલો મળશે? સાથે જ, બેંકિંગ ક્ષેત્રમાં ગ્રાહકોની બચતની સુરક્ષા માટે પૂરતી વ્યવસ્થા છે કે નહીં તેની પણ સમીક્ષા થવી જોઈએ. હાલના નિયમો મુજબ, DICGC હેઠળ એક જ બેંકમાં સમાન અધિકાર અને માલિકીના સ્વરૂપ હેઠળની પાત્ર થાપણો પર મુદ્દલ અને વ્યાજ સહિત મહત્તમ 5 લાખનું વીમા કવચ મળે છે. આ વેચાણનો અર્થ બેંક નિષ્ફળ જવાની સ્થિતિ નથી, પરંતુ થાપણ વીમાની મર્યાદા વર્તમાન આર્થિક પરિસ્થિતિમાં પૂરતી છે કે નહીં તે અંગે વિચારણા જરૂરી છે.અમારી માંગ છે કે કેન્દ્ર સરકાર સોદાની શરતો અને મૂલ્યાંકન અંગે પારદર્શિતા જાળવે, ખાતેદારો તથા કર્મચારીઓના હિતોનું રક્ષણ કરે અને થાપણ વીમાની મર્યાદાની સમીક્ષા અંગે ગંભીરતાથી વિચાર કરે.મોટા આર્થિક સોદા કરતાં પણ મહત્ત્વનું છે સામાન્ય નાગરિકની મહેનતની કમાણીનું રક્ષણ અને બેંકિંગ વ્યવસ્થા પ્રત્યેનો વિશ્વાસ.

સુરત -આશિષ ટેલર

આપણે રાવણ દહન ન કરવું જોઈએ

આપણે દર વર્ષે દશેરાએ રાવણનું પૂતળું બાળીએ છીએ. આપણે ખરેખર કોને બાળી રહ્યા છીએ? રાવણ કોઈ સામાન્ય રાક્ષસ નહોતો. તે ચારેય વેદોનો જ્ઞાતા હતો, પ્રકાંડ પંડિત હતો, સંગીતનો રચયિતા હતો, શિવનો અનન્ય ભક્ત હતો, જેણે શિવતાંડવ સ્તોત્રની રચના કરી હતી. તે લંકા જેવી સોનેરી નગરીનો કુશળ શાસક હતો. તેનામાં જે દસ માથા બતાવાય છે, તે વાસ્તવમાં તેના દસ પ્રકારના જ્ઞાનનું પ્રતીક છે. આવા મહાજ્ઞાનીના પૂતળાને બાળીને આપણે શું સાબિત કરવા માંગીએ છીએ? આપણે કહીએ છીએ કે રાવણ અહંકારનું પ્રતીક છે, કામ, ક્રોધ, લોભ, મોહનું પ્રતીક છે. પણ જો આ દુર્ગુણોનું જ પ્રતીક બાળવું હોય, તો શું તે દુર્ગુણો આપણી અંદર નથી? રાવણને બહાર બાળીને આપણે આપણી અંદરના રાવણને વધુ મજબૂત બનાવીએ છીએ. આપણે એક પૂતળું બાળીને એવો સંતોષ માની લઈએ છીએ કે અમે બૂરાઈને ખતમ કરી દીધી, જ્યારે હકીકતમાં બૂરાઈ તો આપણી અંદર એમ જ જીવતી રહે છે. દશેરાના બીજા જ દિવસે આપણે પાછા એ જ અહંકાર, એ જ લોભ, એ જ ક્રોધમાં જીવવા લાગીએ છીએ. જો બાળવું જ હોય, તો આપણી અંદર રહેલા અહંકારને, આપણી અંદર રહેલી વાસનાને, આપણી અંદર રહેલા દ્વેષને બાળવો જોઈએ, કોઈ પૂતળાને નહીં.

જ્યારે આપણે બહારના રાવણને બાળવાનું બંધ કરીશું, ત્યારે જ કદાચ આપણી અંદરનો રામ જાગશે.

સુરત - રમેશ પટેલ

તહેવારની મીઠાશમાં ભેળસેળનું ઝેર

દિવાળી નજીક આવતાં જ બજારમાં મીઠાઈ, ઘી અને માવાની માંગ વધે છે, અને સાથે જ ભેળસેળિયાઓ પણ સક્રિય થાય છે. તંત્ર પાસે ફૂડ સેફ્ટીની ટીમો, લેબોરેટરી અને કડક કાયદા છે, પરંતુ તહેવાર પૂરો થતાં જ દરોડા ઠંડા પડી જાય છે. સવાલ એ છે કે શું ભેળસેળ માત્ર તહેવારની સમસ્યા છે? ના, તે આખું વર્ષ ચાલે છે; ફરક એટલો કે ત્યારે કોઈ જોતું નથી. નમૂના ફેલ થાય છતાં વર્ષો સુધી કેસ ચાલે અને નજીવો દંડ ભરી વેપારી ફરી ધંધે લાગી જાય, ત્યારે ડર ક્યાંથી બેસે? ચેકિંગ ફોટા પૂરતું નહીં, સતત અને પરિણામલક્ષી હોવું જોઈએ. ઝડપી ન્યાય અને કડક સજા જ સાચો ઉપાય છે.સાથે નાગરિકોએ પણ સસ્તા ભાવની લાલચ છોડી, વિશ્વાસપાત્ર દુકાનેથી જ ખરીદી કરવી જોઈએ. તહેવાર આનંદનો છે, આરોગ્ય સાથે ચેડાંનો નહીં.

મોરબી - નિરાલી ઠોરિયા

ભારતનું પ્રથમ પોસ્ટ કાર્ડ

ભારતનું પ્રથમ પોસ્ટકાર્ડ આછા ભૂરા રંગનું હતું તે 1879માં બહાર પાડવામાં આવ્યું હતું. આ પોસ્ટકાર્ડ પર ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું નામ લખવામાં આવ્યું હતું. કાર્ડની મધ્યમાં રાજ ચિહ્ન અને જમણી બાજુ રાણી વિક્ટોરિયાનો ફોટો હતો. ત્યાર બાદ 1899માં પોસ્ટકાર્ડમાંથી ઈસ્ટ ઈન્ડિયાનું નામ કાઢીને ઈન્ડિયન પોસ્ટ લખવામાં આવ્યું હતું. બે ઓક્ટોબરે 1951ના રોજ કસ્તુરબા નાનુ બાળક અને ચરખો ચલાવતા ગાંધીજીના ચિત્રવાળા ત્રણ પ્રકારનાં પોસ્ટ કાર્ડ બહાર પડ્યા હતા. પોસ્ટકાર્ડનો ત્યારનો કલર અને આજનો કલર સરખો છે.ગાંધીજી પાસે તે જમાનામાં 150થી 200 પોસ્ટકાર્ડ આવતા અને તે બધાના જવાબ ગાંધીજી આપતા હતા.

સુરત - મહેશ આઈ. ડોક્ટર